આપણું પોતાનું અખબાર

જે માનવી સદાય બીજાનો વિચાર કરી બીજા માટે જીવે છે, તેને કદાપિ નિરાશા મળતી નથી
- ટોલ્સટોય

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૭૧ | ૩૧ ઓગષ્ટ, ૨૦૧૨, શુક્રવાર; અધિક ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૩૪ હજાર નવા મતદારો નોંધાયા

## મતદારયાદી સુધારણા બાદ કુલ મતદારો ૯,૯૦,૦૧૭ થયા છે : ગાંધીનગર(દક્ષિણ)માં ૨,૪૦,૧૩૦, ગાંધીનગર (ઉત્તર)માં ૧,૯૮,૭૪૨, માણસામાં ૧,૯૧,૯૧૬, કલોલમાં ૧,૮૫,૪૧૪ અને દહેગામમાં ૧,૭૩,૮૧૫ મતદારો થયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા દરમ્યાન ૩૪ હજાર જેટલા નવા મતદારો નોંધાયા છે અને હવે જિલ્લાના કુલ મતદારો ૯,૯૦,૦૧૭ થવા પામ્યા છે.

ચૂંટણી પંચ દ્વારા આજે મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ થવાની છે. પંચે અગાઉ ૧-૬-૨૦૧૨ના રોજ પ્રસિદ્ધ કરેલ મતદારયાદીમાં જિલ્લાના કુલ મતદારો ૯,૫૯,૦૪૧ હતા.

પંચે મતદાર જાગૃતિ અભિયાન અને યુવા તેમજ મહિલા મતદારોની નોંધણી માટે ૧-૬-૨૦૧૨ થી ૨૭-૬-૨૦૧૨ સુધી ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં ૩૪,૫૯૮ મતદારો નવા મળી આવ્યા હતા.

નવા નોંધાયેલા મતદારોમાં ૧૭,૪૭૪ પુરૂષ મતદારો અને ૧૭,૧૨૨ સ્ત્રી મતદારો નોંધાયા છે.

નવી મતદારયાદી પ્રમાણે હવે દહેગામ વિધાનસભામાં કુલ મતદારોની સંખ્યા ૧,૭૩,૮૧૫ થશે. ગાંધીનગર(દ)ની બેઠક જે નવી બની છે તેના મતદારોની સંખ્યા ૨,૪૦,૧૩૦ થશે. ગાંધીનગર(ઉ)માં ૧,૯૮,૭૪૨ મતદારો થશે. માણસા વિધાનસભામાં ૧,૯૧,૯૧૬ મતદારો થશે જ્યારે કલોલમાં ૧,૮૫,૪૧૪ મતદારો થશે.

નોંધાયેલ મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર(દ) બનશે જ્યારે સૌથી નાનો વિસ્તાર દહેગામ બનશે.

મતદારયાદી સુધારણા દરમ્યાન જે નવા મતદારો મળી આવ્યા છે તે ૩.૬૦ ટકા નોંધાયેલા મતદારોની સંખ્યાના સાપેક્ષમાં ચૂંટણી પંચ દ્વારા આજે મતદાર યાદીની વિધિવત્ પ્રસિદ્ધિ તાલુકા મથકોએ કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે નવા મતદારો સૌથી વધુ ગાંધીનગર(ઉ)ની બેઠક પર નોંધાયા છે. જ્યારે માણસા

● અનુસંધાન પાન-૭ પર

# ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે હવે JEE Main પરીક્ષા હશે

## ગુજકેટનાં બદલે સીબીએસસી દ્વારા જીઇઇ મુખ્ય પરીક્ષા લેવાશે

## પરીક્ષા ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાંથી કોઈપણ ભાષામાં આપી શકાશે

અમદાવાદ, તા.૩૦

રાજ્યના શિક્ષણ વિભાગે આજરોજ કરેલી જાહેરાત મુજબ એન્જીનીયરીંગ અને ફાર્મસીના પ્રવેશ માટે વર્ષ ૨૦૧૩થી રાજ્ય સરકારની પોતાની પ્રવેશ પરીક્ષા ગુજકેટને બદલે CBSE દ્વારા યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની જોઈન્ટ એન્ટ્રસ એકઝામ- JEE Main ને ધ્યાને લેવાશે. આ ઉપરાંત એઆઈઈઈઈના બદલે JEE ADVANCE પરીક્ષા લેવાશે. પરીક્ષા ૭મી એપ્રિલ ૨૦૧૩ના રોજ લેવાશે. આ ઉપરાંત એન્જિનિયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ આપવા માટે મેરીટ યાદી બનાવતી વખતે ૫૦ ટકા વેઈટેજ JEE Main ના સ્કોરને અને ૫૦ ટકા વેઈટેજ ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા બોર્ડના ધો. ૧૨ના પરિણામને આપવામાં આવશે. તેમજ મેરીટ યાદી તૈયાર કરવા માટે ઉમેદવારના પર્સન્ટેજને બદલે પર્સન્ટાઈલ રેન્કને ધ્યાનમાં લેવામાં આવશે.સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજયુકેશન (CBSE) દ્વારા AIEEE પરીક્ષાને બદલે JEE Main નામની પરીક્ષા આગામી વર્ષે તા. ૭ એપ્રિલ, ૨૦૧૩ના રોજ યોજવામાં આવશે. આ પરીક્ષા AIEEE જેવી જ હશે. અને તેમાં ફીઝીક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ ત્રણેય વિષયોનું બનેલું માત્ર એક જ પ્રશ્નપત્ર હશે. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી એ ત્રણેયમાંથી કોઈપણ એક ભાષામાં મેળવી શકાશે. આ પ્રશ્નપત્ર ઓબ્જેક્ટીવ પ્રકારનું પ્રશ્નપત્ર હશે. આ પરીક્ષામાં બેસવા માટેની અરજીઓ યોગ્ય સમયે ઝમ્જીઈ દ્વારા જાહેરાત આપી ઓનલાઈન પદ્ધતિથી મંગાવવામાં આવશે. દરમિયાન કેન્દ્ર સરકાર અને આઈઆઈટી કાઉન્સીલે નક્કી કર્યા મુજબ જો કોઈ વિદ્યાર્થીને જેમણે આઈઆઈટીમાં અભ્યાસ કરવો હોય તેમણે JEE Main પરીક્ષામાં પ્રથમ દોઢ લાખ ઉમેદવારોમાં સ્થાન મેળવવું પડશે. અને વિદ્યાર્થીએ પોતાની બોર્ડની પરીક્ષામાં ૮૦ ટકા પર્સન્ટાઈલથી વધુ સ્કોર મેળવેલો હોવો જોઈશે એટલે કે જે તે વિદ્યાર્થી પોતાના બોર્ડના સર્વશ્રેષ્ઠ ૨૦ ટકા વિદ્યાર્થીઓમાં હોવા જોઈએ તો જ તેઓ JEE ADVANCE નામની પરીક્ષામાં બેસવાને લાયક ગણાશે.

આ પરીક્ષા દ્વારા જ આઈઆઈટીનો પ્રવેશ નક્કી થશે. જેને આઈઆઈટીમાં જવું નથી તેમણે માત્ર JEE Main પરીક્ષા જ આપવાની રહેશે. કેન્દ્રીયકૃત ધોરણે ACPC મારફતે જ બધી જ સંસ્થાઓમાં પ્રવેશ થવાથી સરવાળે વિદ્યાર્થીઓને લાભ થશે. એક કરતાં વધુ જગ્યા માટે અરજી કરવામાંથી છૂટકારો મળશે.



ધીમે ધીમે જામી રહેલા ચોમાસાની ઋતુમાં દિન-પ્રતિદિન વધી રહેલા મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મચ્છર વિરોધી દવાનો છંટકાવ કરાવવામાં આવ્યો હતો. (તસવીર : દિપક જાની)




